અપીલ અરજી નં.૨૬૦/૨૬૨ તા.૧૧–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી બી.સી. સોનવણે
સામાવાળાઃ– (૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)
(૩) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (રસ્તા અને બ્રીજ)
(૪) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ અપીલ નં.૨૬૦ શ્રી બી.સી. સોનવણેની તા.૨૯–૯–૦૯ ની અરજીથી (૧) રુલર વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયા પછી સુડાએ બનાવેલ પ્લાન પ્રમાણે મહાનગરપાલિકા ધ્વારા રસ્તા, બ્રીજ, બાગબગીચા બનાવવાનું કામ ચાલે છે કે કેમ?(૨) સુડાએ બનાવેલ રસ્તા, બ્રીજ, બાગબગીચાના પ્લાનમાં કેટલા ઠેકાણે ફેરફાર કરવામાં આવેલ છે? (૩) જો મહાનગરપાલિકા સુડાના પ્લાનને જેમ છે તેમ સ્વીકારેલ છે તો ફકત ગુ.હા.બોર્ડ થી અલથાણને જોડતા ૪૫ મીટરના રસ્તામાં ફેરફાર કેમ કરવામાં આવ્યા છે? (૪) ઉપરોકત ૪૫ મીટરના રસ્તાના કામમાં ફેરફાર કરતી વખતે ટી.પી. કમીટીએ કઈ તારીખે ફેરફાર કરતો ઠરાવ પસાર કરેલ છે? અને સદર ઠરાવ નો નંબર શું છે? તેમજ કઈ તારીખના રોજ મળેલ સભામાં આ ઠરાવ થયેલ છે? (૫) ટી.પી. કમીટીના ફેરફારના ઠરાવને રાજય સરકારે કઈ તારીખે મંજુરી આપેલ છે? તેની માહિતી આપવા બાબત. તથા અપીલ નં.૨૬૨ તા.૩–૧૦–૦૯ ની અરજીથી (૧)ટી.પી.એસ/૧૪૦૬/૬૯૦૭ એલ તા.૨૭–૬–૨૦૦૮ થી ટી.પી. સ્કીમ નંબર ૫૬ (બમરોલી) ડ્રાફટ સ્કીન તરીકે મંજુર કરવા પહેલા કઈ તારીખે અને કયા ન્યુઝ પેપરમાં જાહેરાત આપેલ છે? (૨) બમરોલી ટી.પી. સ્કીમ નંબર ૫૬ મંજુર કરતા પહેલા પબ્લીક પાસેથી વાંધા માંગવામાં આવેલા છે? (૩) બમરોલી ટી.પી. સ્કીમ નંબર ૫૬ મંજુર કરતા પહેલા કઈ તારીખે સદર વિસ્તારના લોકો પાસેથી વાંધા માંગવામાં આવેલા છે? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૧–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૬૦/૨૬૨/૨૦૦૯–૧૦

શ્રી બી.સી. સોનવણેની તા.૨૯–૯–૦૯ ની અરજીથી અપીલ નં.૨૬૦ શ્રી બી.સી. સોનવણેની તા.૨૯–૯–૦૯ ની અરજીથી (૧) રુલર વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયા પછી સુડાએ બનાવેલ પ્લાન પ્રમાણે મહાનગરપાલિકા ધ્વારા રસ્તા, બ્રીજ, બાગબગીચા બનાવવાનું કામ ચાલે છે કે કેમ?(૨) સુડાએ બનાવેલ રસ્તા, બ્રીજ, બાગબગીચાના પ્લાનમાં કેટલા ઠેકાણે ફેરફાર કરવામાં આવેલ છે? (૩) જો મહાનગરપાલિકા સુડાના પ્લાનને જેમ તેમ સ્વીકારેલ છે તો ફકત ગુ.હા.બોર્ડ થી અલથાણને જોડતા ૪૫ મીટરના રસ્તામાં ફેરફાર કેમ કરવામાં આવ્યા છે? (૪) ઉપરોકત ૪૫ મીટરના રસ્તાના કામમાં ફેરફાર કરતી વખતે ટી.પી. કમીટીએ કઈ તારીખે ફેરફાર કરતો ઠરાવ પસાર કરેલ છે? અને સદર ઠરાવ નો નંબર શું છે? તેમજ કઈ તારીખના રોજ મળેલ સભામાં આ ઠરાવ થયેલ છે? (૫) ટી.પી. કમીટીના ફેરફારના ઠરાવને રાજય સરકારે કઈ તારીખે મંજુરી આપેલ છે? તેની માહિતી આપવા બાબતે ખોટી ભળતી અને ગેરમાર્ગે દોરનારી મળેલ માહિતીના પ્રતિભાવથી તથા અપીલ નં.૨૬૨ તા.૩–૧૦–૦૯ ની અરજીથી (૧)ટી.પી.એસ/૧૪૦૬/૬૯૦૭ એલ તા.૨૭–૬–૨૦૦૮ થી ટી.પી. સ્કીમ નંબર ૫૬ (બમરોલી) ડ્રાફટ સ્કીન તરીકે મંજુર કરવા પહેલા કઈ તારીખે અને કયા ન્યુઝ પેપરમાં જાહેરાત આપેલ છે? (૨) બમરોલી ટી.પી. સ્કીમ નંબર ૫૬ મંજુર કરતા પહેલા પબ્લીક પાસેથી વાંધા માંગવામાં આવેલા છે? (૩) બમરોલી ટી.પી. સ્કીમ નંબર ૫૬ મંજુર કરતા પહેલા કઈ તારીખે સદર વિસ્તારના લોકો પાસેથી વાંધા માંગવામાં આવેલા છે? તેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્ર ત્યુત્તર ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારની બંને અરજીઓ અંગે એક સંયુકત અપીલ કરેલ છે તેમજ બંને અરજીઓના અરજદાર અને જાહેર માહિતી અધિકારી એક જ હોય અને તે અંગેનું વિષય વસ્તુ સંકળાયેલ હોઈ બંને અપીલ અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે. અપીલ દરમ્યાન મળેલ પૂરક વિગતો ઉપરથી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને તબદીલી પશ્ચાત જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ ધ્વારા તેઓના પત્ર નં.ટીપીડી/આ.નં.૨૪૪/આરટીઆઈ/ તા.૨૯–૧૦–૦૯ થી કાર્યપાલક ઈજનેર હાઉસીંગ તથા સરખા પત્ર નં.૨૪૩ તા.૨૯–૧૦–૦૯થી કાર્યપાલક ઈજનેર બ્રીજસેલ તથા ટીપીડી/આ.નં.૨૪૫ તા.૨૦–૧૦–૦૯ થી કાર્યપાલક ઈજનેર રોડ ડેવલપમેન્ટ વિભાગને તબદીલ કર્યાનું જણાય છે. તે પણ મુદ્દા નં.૧ અને ૨ પૂરતું છે. જયારે તા.૨૯–૧૦–૦૯ ની અરજીના બીજા મુદ્દાઓ માટે ટાઉનપ્લાનીંગ રહેવા પામે. અરજદાર ધ્વારા અપીલ તબકકે કે પૂરક વિગતો દરમ્યાન તબદીલીના ઉપલક્ષ્યમાં લાગત જાહેર માહિતી અધિકારીને તેમને પક્ષકાર તરીકે જોડેલ નથી. પરંતુ ઉપરોકત હકીકત જોતાં સદર જાહેર માહિતી અધિકારી પણ પ્રતિવાદી પક્ષકાર બને.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અપીલ નં.૨૬૦ અને ૨૬૨ અનુક્રમે પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૬ તથા ૯૦૮ તા.૧૮–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. તથા અપીલ નં.૨૬૦ અંગે અરજદારને મળેલી માહિતીની નકલ તથા કઈ બાબતે નારાજગી છે તે બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના સં દર્ભે અરજદાર તરફથી અપીલ અરજીની નકલ તથા મુળ અરજીની નકલ, તા.૨૦–૧૧–૦૯ ના રોજ તથા તા.૫–૧૨–૦૯ ના રોજ પત્ર પ્ર મુખશ્રી બહારગામ હોઈ આવ્યેથી રજૂ કરીશું તેવું જણાવેલ જે તા.૭–૧૨–૦૯ ના રોજ રજૂ કરવામાં આવેલ. પરંતુ અરજદારે મળેલી માહિતીની વિગતની નકલ રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને તા.૨૯–૯–૦૯ ની અરજી બાબતે આં.નં.૫૫૧૧ તા.૧૭–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી સા.ઝોન/ટેક./આ.નં.૪૩૨૦ તા.૧૫–૧૦–૦૯ થી ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગને અરજી તબદીલ કર્યાની નકલ રજૂ કરેલ છે. ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી મુદ્દા નં.૧ અને ૨ માટે નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૨૪૩ તથા ૨૪૪ તા.૨૯–૧૦–૦૯ થી અનુક્ર મે કાર્યપાલક ઈજનેર બ્રીજસેલ અને કાર્યપાલક ઈજનેર હાઉસીંગને અરજી તબદીલ કરવામાં આવેલ છે. જેની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને તા.૩–૧૦–૦૯ ની અરજી બાબતે નં.સા.ઝોન/ટેક/૫૫૧૨ તા.૧૭–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારને આપેલ માહિતીપત્ર નં.સા.ઝોન/ટેક/૫૩૩૭ તા.૯–૧૨–૦૯ થી આપેલ માહિતી પત્રની નકલ પૂરક માહિતીમાં મળેલ છે. દરમ્યાન અપીલનો વિષય વસ્તુ ધ્યાને લઈ અન્ય પક્ષકાર જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પણ બાબત હેઠળની અરજી અંગેની વિગતો મંગાવતાં જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ અને એડીશનલ સીટી ઈજનેર કક્ષાએથી તા.૧૭–૧૨–૦૯ ના રોજ મળેલી વિગતો અનુસાર તેઓ કક્ષાએ અરજદારને પાઠવેલ તા.૩–૧૧–૦૯ ના પત્ર નં.૧૭ ની નકલ મળેલ છે. તથા કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી તા.૧૭–૧૨–૦૯ ના રોજ મળેલી વિગત અનુસાર તેઓ કક્ષાએથી અરજદારને પાઠવેલ તા.૪–૧૧–૦૯ નો હાઉસીંગ/આંન.૩૫૫ ની નકલ મળેલ છે તથા ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૮–૧૨–૦૯ ના રોજ મળેલી વિગતો અનુસાર તેઓ કક્ષાએથી અરજદારને પાઠવેલ

તા.૩–૧૧–૦૯ ના પત્ર નં.૨૪૯ ની નકલ મળેલ છે. જયારે કાર્યપાલક ઈજનેર અને રોડ ડેવલપમેન્ટ વિભાગ તરફથી આરડીડી/આ.નં.૫૬૩ તા.૯–૧૧–૦૯ ની માહિતી સ્પર્શતી ન હોવાના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨૯–૯–૦૯ ની અરજી ઉપરોકત વિષય અને સંદર્ભ માંગવામાં આવેલી માહિતી બાબતે માહિતી માંગવામાં આવેલ.જેના અનુસંધાને એડીશનલ સીટી ઈજનેર તરફથી તા.૩–૧૧–૦૯ ના રોજ માંગવામાં આવેલી માહિતી કરતાં ભળતી બીજી માહિતી આપી ગેરમાર્ગે દોરવેલ છે તેવું અરજદારે જણાવી તા.૧૧–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે તા.૨૯–૯–૦૯ ની અરજી ૧૭ દિવસ બાદ તા.૧૫–૧૦–૦૯ ના રોજ ટાઉન પ્લાનીંગ વિભાગને મોકલી આપેલ છે. તથા તે અંગે ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી ૧૪ દિવસ બાદ તા.૨૯–૧૦–૦૯ થી મુદ્દા નં.૧ અને ૨ અંગે ટીપીડી/આરટીઆઈ/આ.નં.૨૪૩ , ૨૪૪ અને ૨૪૫ તા.૨૯–૧૦–૦૯ થી અનુક્રમે કાર્યપાલક ઈજનેર બ્રીજ સેલ અને કાર્યપાલક ઈજનેર હાઉસીંગ અને કાર્યપાલક ઈજનેર રોડ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જેમાં રોડ વિભાગ તરફથી પત્ર નં.આરડીડી/આનં.૫૬૩ તા.૯–૧૧–૦૯ થી નગર નિયોજક અને મ. જાહેર માહિતી અધિકારીએ સદર માહિતી ખાતાને સ્પર્શતી ન હોવાનો પત્ર પાઠવેલ છે. પરંતુ તેની જાણ અરજદારને કરેલ નથી. જયારે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ હાઉસીંગ/આંન.૩૫૫ તા.૪–૧૧–૦૯ ના રોજ અને એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી બ્રીજ સેલ/આરટીઆઈ/આંન.૧૭ તા.૩–૧૧–૦૯ થી અરજદારને પાઠવવામાં આવેલ છે. તથા ડાયરકેટર ઓફ ટાઉન પ્લાનીંગ તરફથી ટીપીડી/આંન.૨૪૯ તા. ૩–૧૧–૦૯ થી અરજદારને પાઠવવામાં આવેલ છે. જેમાં મંદ્દા નં.૧ અને ૨ની માહિતી બ્રીજસેલ રોડ એ હાઉસીંગને તબદીલ કર્યાની માહિતી આપેલ છે. અરજદારના મુદ્દા (૧) રુલર વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયા પછી સુડાએ બનાવેલ પ્લાન પ્રમાણે મહાનગરપાલિકા ધ્વારા રસ્તા, બ્રીજ, બાગબગીચા બનાવવાનું કામ ચાલે છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે મ. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી સુરત શહેરમાં સમાવિષ્ટ થયેલ નવા વિસ્તારો પૈકી સુડા ધ્વારા સૂચિત થયેલ હયાત વિવિધ તળાવો પૈકી ૧૫ તળાવોનો રાષ્ટ્રીય સરંક્ષણ યોજના અંતર્ગત વિકાસ કરવા બાબતે સ્થા. સ. અ સૈધ્ધાંતિક મંજુરી આપેલ છે તે પૈકી હાલમાં વિવિધ વિસ્તારોના ૫ તળાવોના વિકાસ માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે તે મંજુરીથી કાર્યવાહી હેઠળ છે તેવી માહિતી પૂરી પાડેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે અનુરૂપ જવાબ આપેલ નથી અમે બાગ બગીચાના પ્રશ્નની જગ્યાએ તળાવોનો જવાબ આપેલ છે. જયારે મુદ્દા નં.૧ માં જાહેર માહિતી અધિકારી એડીશનલ સીટી ઈજનેરે ગુજરાત હાઉસીંગ બોર્ડથી અલથાણને જોડતા ૪૫ મી. ના રસ્તા પર રુલર વિસ્તાર મનપામાં સમાષ્ટિ થયા પછી મહાનગરપાલિકા ધ્વારા બ્રીજ બનાવેલ નથી અને હાલમાં બ્રીજ બનાવવાનું કામ ચાલુ નથી તેવી માહિતી પૂરી પાડેલ છે. જે અંગે અરજદારે રસ્તા અને બ્રીજ અનુરૂપ જવાબ આપેલ નથી તેવી અપીલ તબકકે રજૂઆત કરેલ છે. આમ સમગ્ર રુલર વિસ્તારની માહિતી સામે ફકત અલથાણની જ બ્રીજની માહિતી પૂરી પડાયેલ છે. મુદ્દા નં.૨ સુડાએ બનાવેલ રસ્તા, બ્રીજ, બાગબગીચાના પ્લાનમાં કેટલા ઠેકાણે ફેરફાર કરવામાં આવેલ છે? તેવા પ્રશ્નના જવાબમાં મ. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી હાલના તબકકે કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી એડીશનલ સીટી ઈજનેર તરફથી ગુજરાત હાઉસીંગ બોર્ડથી અલથાણને જોડતા ૪૫ મીટરના રસ્તાને સંલગ્ન કાંકરાખાડી ઉપર બ્રીજ સેલખાતા ધ્વારા સુડાના સહયોગથી તેમના સંકલનમાં રહી ઉકત ડીપી રોડ ઉપર આ વિસ્તારનો સુમપામાં સમાવેશ થયા અગાઉ પુલ બનાવવામાં આવેલ છે. અને બ્રીજના એલાઈમેન્ટમાં ત્યાર બાદ કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી તેવી માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.૩ જો મહાનગરપાલિકા સુડાના પ્લાનને જેમ તેમ સ્વીકારેલ છે તો ફકત ગુ.હા.બોર્ડ થી અલથાણને જોડતા ૪૫ મીટરના રસ્તામાં ફેરફાર કેમ કરવામાં આવ્યા છે? તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગ તરફથી ભારત સરકારના પર્સનલ એન્ડ ટ્રેનીંગ ડીપાર્ટમેન્ટના મેમોરેન્ડમ ક્રમાંક તા.૧–૭–૦૯ આઈ.આર.તા.૧–૬–૦૯ મુજબ માહિતીની વ્યાખ્યામાં ફલકમાં " શા માટે પ્રશ્નના જવાબનો સમાવેશ થતો નથી. " જેથી સદર માહિતી પાઠવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવો જવાબ પાઠવેલ છે. જેમાં અરજદારે શા માટે પ્રશ્નનો સમાવેશ થતો નથી તેવું જણાવી માહિતી ખરી હકીકતને છુપાવવાનો પ્રયત્ન કરેલ છે તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. (૪) ઉપરોકત ૪૫ મીટરના રસ્તાના કામમાં ફેરફાર કરતી વખતે ટી.પી. કમીટીએ કઈ તારીખે ફેરફાર કરતો ઠરાવ પસાર કરેલ છે? અને સદર ઠરાવ નો નંબર શું છે? તેમજ કઈ તારીખના રોજ મળેલ સભામાં આ ઠરાવ થયેલ છે? તેવા પ્રશ્નના જવાબમાં મુદ્દા નં.૪ માં જણાવ્યા વિગતો અંગે સદર રસ્તાના ફેફાર અંગે ટીપી કમિટી ધ્વારા કોઈ ઠરાવ પસાર થયો નથી. જેમાં અરજદારે અપીલ તબકકે બમરોલી સ્થિત ૪૫ મી. રસ્તામાં શા માટે ફેરફાર કરવામાં આવેલ છે. જે મુળ અરજીથી અરજદારે અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. (૫) ટી.પી. કમીટીના ફેરફારના ઠરાવને રાજય સરકારે કઈ તારીખે મંજુરી આપેલ છે? તેવા પ્રશ્નના જવાબમાં લાગુ પડતું નથી તેવી માહિતી આપેલ છે.

અરજદારની તા.૩–૧૦–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભમાં જણાવ્યા અનુસાર મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/ટેક./૫૩૩૭ તા.૯–૧૨–૦૯ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાય છે. જેમાં મુદ્દા નં. (૧)ટી.પી.એસ/૧૪૦૬/૬૯૦૭ એલ તા.૨૭–૬–૨૦૦૮ થી ટી.પી. સ્કીમ નંબર ૫૬ (બમરોલી) ડ્રાફટ સ્કીન તરીકે મંજુર કરવા પહેલા કઈ તારીખે અને કયા ન્યુઝ પેપરમાં જાહેરાત આપેલ છે? તેવી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ સદર ટીપી સ્કીમ નં.૫૬ (બમરોલી) ડ્રાફટ ટીપી સ્કીમ તરીકે મંજુર કરવા પહેલા તા.૧૭–૧૧–૦૫ ના રોજ "સંદેશ"માં તથા તા.૧૮–૧૧–૦૫ ના રોજ "પ્રતાપ દર્પણ" વર્તમાન પત્રમાં ઈરાદો જાહેર કરવામાં આવેલ. તેમજ તા.૯–૯–૦૬ ના રોજ "ગુજરાત સમાચાર" તથા "સંદેશ" વર્તમાનપત્રમાં મુસદો જાહેર કરવામાં આવેલ. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૨) બમરોલી ટી.પી. સ્કીમ નંબર ૫૬ મંજુર કરતા પહેલા પબ્લીક પાસેથી વાંધા માંગવામાં આવેલા છે? તેવી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ ટીપી સ્કીમ નં.૫૬(બમરોલી) ડ્રાફટ ટીપી સ્કીમ તરીકે મંજુર થતા પહેલા રાખવામાં આવેલ પબ્લીક મિટીંગ બાદ જાહેર જનતા પાસેથી વાંધા માંગવામાં આવેલ છે?તેવા પ્રશ્ન બાબતે તા.૮–૯–૦૬ ના રોજ મુસદો પ્રસિધ્ધ કર્યા બાદ ૧ માસ સુધી વાંધા માંગવામાં આવેલ. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૩) બમરોલી ટી.પી. સ્કીમ નંબર ૫૬ મંજુર કરતા પહેલા કઈ તારીખે સદર વિસ્તારના લોકો પાસેથી વાંધા માંગવામાં આવેલા છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ તા.૮–૬–૦૬ ના રોજ પબ્લીક મિટીંગ થયા બાદ જાહેર જનતા પાસેથી વાંધા/સુચનો રજૂ કરવા જણાવવામાં આવેલ. અને તા.૮–૯–૦૬ ના રોજ મુસદો પ્રસિધ્ધ કર્યા બાદ ૧ માસ સુધી વાંધા માંગવામાં આવેલ. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે અરજીથી માંગેલ માહિતી જાહેર સુખાકારી અને નાગરિક સુવિધાલક્ષી જણાય છે. સાથે સાથે આયોજનને લગતી નીતિ સ્પર્શતી બાબત પણ જણાય છે. આરટીઆઈ એકટની કલમ–૪(૧)(સી) હેઠળ અગત્યની નીતિના ઘડતર સમયે કે જાહેર કરતી સમયે જાહેર જનતાને અસરકર્તા નિર્ણયો અંગે આનુષાંગિક હકીકત જાહેર કરવાનું તથા કલમ–૪(૧)(ડી) હેઠળ અસરકર્તા વ્યકિતઓને વહીવટી અને અર્ધન્યાયિક નિર્ણયોના કારણો આપવાનું ઉત્તરદાયિત્વ જાહેર સત્તા મંડળ પર લાદવામાં આવેલ છે. કાયદાના આમુખથી પણ લોકશાહીમાં સુમાહિતગાર નાગરીકો અને માહિતીની પારદર્શિતા આવશ્યક હોવાનું જણાવી સરકાર અને તેના સંશાધનો શાસિતને જવાબદાર રહે તે હેતુ ચરિતાર્થ થયેલ છે. તે બાબતો ધ્યાને લેતાં અરજદારની તા.૨૯–૯–૦૯ ની અરજીના મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી દફતરી હકીકત અનુસાર પૂરી પાડવા પાત્ર થાય. મુદ્દા નં.૪ અને ૫ અંગે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ ધ્વારા હકીકતલક્ષી માહિતી આપેલ હોય વિવાદને કોઈ સ્થાન નથી.

અરજદારની તા.૩–૧૦–૦૯ ની અરજીથી કરેલ અપીલ નં.૨૬૨ બાબતે ટીપી નં.૫૬ અંગેની માંગવામાં આવેલી માહિતીના પ્રત્યુત્તર નહીં મળ્યાની અપીલમાં રજૂઆત કરેલ છે જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/ટેક/૫૩૩૭ તા.૯–૧૨–૦૯ થી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે જેની નકલ અત્રે રજૂ કરેલ છે. જેથી તે અંગે હવે કોઈ તકરાર નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ધ્વારા નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧ ની રુરલ વિસ્તારમાં બાગ બગીચા અંગે ની માહિતી. ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી તથા મુદ્દા નં.૧ અને અંગે સમગ્ર રુરલ વિસ્તારમાં રસ્તા અને બ્રીજ ની નહીં પૂરી પડાયેલી માહિતી અંગે એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અને મુદ્દા નં.૩ સુમપાએ સુડાના પ્લાનની જેમ છે તેમ સ્વીકારેલ છે. તે તથા જો ફેરફાર હોય તો કેમ? તે અંગેની માહિતી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગને જણાવવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) )કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ), એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (રસ્તા અને બ્રીજ), ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી બી.સી. સોનવણે,